# સામાન્ય લોકો માટે ખાસ તૈયાર થયેલી ગાંધીનગરની પ્રથમ ૧૦૦ બેડની મલ્ટી સ્પેશ્યાલિટી ગોએન્કા હોસ્પિટલ ખુલ્લી મુકાઇ

ગાંધીનગર,તા.૨૨

બીઈએસ તરીકે પ્રચલિત ભોલારામ એજ્યુકેશનલ સોસાયટીની સ્થાપના વર્ષ ૨૦૦૩માં કરવામાં આવી હતી. જેમાં સામાન્ય લોકોને પોસાય તેવી કિંમતે સારવાર આપવાનો હેતુ રાખવામાં આવ્યો છે. તેણે આજે તેની મલ્ટી સ્પેશ્યાલિટી ગોએન્કા હોસ્પિટલના ઉદ્‌ઘાટનની ઘોષણા કરી હતી અને હવે આ હોસ્પિટલ ગાંધીનગર જિલ્લા સહિત ગુજરાતના લોકોને તબીબી સારવાર આપશે. આ હોસ્પિટલ દ્વારા ગાંધીનગર અને તેની આસપાસના ગામોના લાખો લોકોને તબીબી સારવાર આપશે. આ હોસ્પિટલ દ્વારા ગાંધીનગર અને તેની આસપાસના ગામોના લાખો લોકોને તબીબી સુવિધાઓ પુરી પાડશે.

આ ૧૦૦ પથારીની અલ્ટ્રા મોડર્ન હોસ્પિટલમાં હિલિંગ લાઇવ્ઝ સૂત્ર સાથે કામગીરી હાથ ધરાઈ છે. જે માત્ર આસપાસના વિસ્તારોને માત્ર તબીબી સુવિધા જ નહીં પરંતુ અન્ય માધ્યમો દ્વારા પણ તેમના ચહેરાઓ પર સ્મિત લાવશે. આ હોસ્પિટલમાં અત્યાધુનિક ઉપકરણો જેવા કે કલર ડોપલર, 2ડી ઈકો અને કોમ્પ્યુટરાઈઝડ એકસ-રે, અલ્ટ્રાસાઉન્ડ અને ઈન હાઉસ લેબોરેટરી જેમ કે ઉચ્ચ કક્ષાના રક્ત પરીક્ષણ માટે પેથોલોજી, માઈક્રોબાયોલોજી, હિસ્ટોપેથોલોજી અને ઈમ્યુલોજીનો સમાવેશ થાય છે. ગોએન્કા હોસ્પિટલના અધ્યક્ષ અપૂર્વ ગોએન્કાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે ગોએન્કા હોસ્પિટલ હંમેશા સમાજને સમર્પિત રહીને કામગીરી આગળ વધારે છે. તેના દ્વારા નિયમિત રીતે દુરના ગામોમાં તબીબી સુવિધાઓ પુરી પાડવામાં આવે છે.

મેડિકલ કેમ્પોમાં હોસ્પિટલના ડોકટરો દ્વારા મફત દવાઓ પણગરીબો અને જરૂરિયાતમંદ લોકતોને આપવામાં આવે છે. આ હોસ્પિટલ એક એવી હોસ્પિટલ છે જેમાંલોહીના સ્ટોરેની સુવિધા પણ છે જે ગાંધીનગરમાં પ્રથમવખત શરૂ થયેલી સુવિધા છે.